**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : વિરણ રાણા**

**ડીઇઓ : પ્રદિ□  ચાવડા**

**તારીખ : 01-10-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## NDRF - ગુજરાત

કેન્દ્ર સરકારે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (NDRF) માંથી એડવાન્સ તરીકે ગુજરાત, મણિપુર અને ત્રિપુરા જેવા પૂરથી પ્રભાવિત રાજ્યોને રૂ. 675 કરોડની મંજૂરી આપી હતી.

કેન્દ્ર સરકારે ગુજરાતને રૂ.600 કરોડ, મણિપુરને રૂ.50 કરોડ અને ત્રિપુરાને રૂ.25 કરોડ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (એનડીઆરએફ)માંથી એડવાન્સ સ્વરૂપે આપવાની મંજૂરી આપી છે. આ વર્ષે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા દરમિયાન અતિ ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે આ રાજ્યો પ્રભાવિત થયા છે.

**□ીઆઇબી**

---

## □ □ષણ માસ - ઝારખંડ

કેન્દ્ર સરકારે આંગણવાડી કેન્દ્રોના બધા જ કર્મચારીઓને આયુષ્યમાન ભારત યોજના હેઠળ આવરી લેવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રી અન્નપુર્ણા દેવીએ ગઇકાલે રાંચીમાં રાષ્ટ્રવ્યાપી રાષ્ટ્રીય પોષણ માહના સમાપન સમારંભમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, વિકસિત ભારતનું લક્ષ્ય તંદુરસ્ત અને અધિકારસંપન્ન મહિલાઓ અને બાળકો થકી શક્ય છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવી અને ઝારખંડના રાજયપાલ સંતોષકુમાર ગંગવારે સમગ્ર દેશમાં 11 હજાર સક્ષમ આંગણવાડી કેન્દ્રોનો વિડિયો કોન્ફરન્સીંગ માધ્યમથી આરંભ કરાવ્યો હતો.

RNU અમદાવાદ

---

## નર્મદા ડેમ વધામણા - CM

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ  નર્મદા ડેમ સંપૂર્ણ ભારતા વધામણાં કરવા આજે કેવડીયા જશે.

નર્મદા ડેમની જળ સપાટી 138.61 મીટરે  પહોંચી છે., મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે નર્મદાના વધામણાં કરવા કેવડીયા જશે .

મુખ્યમંત્રી સાથે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ આ કાર્યક્રમમાં જોડાશે. બાદમાં  નર્મદા ડેમના  10 થી વધુ દરવાજા

ખોલવામાં આવશે, અને નર્મદા નદી બે કાંઠે થશે. જેને લઈ ભરૂચ નર્મદા અને વડોદરાના 42 જેટલા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------

## રાજ્ય ખેડૂત□: ઇ-□ □ર્ટલ

રાજ્યનાં ખેડૂતો આજથી 31 ઓક્ટોબર સુધી મગફળી, અડદ અને સોયાબીનનાં ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવી શકશે. આ પાકોનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થયું હોવાથી લાભ પાંચમના પછીના દિવસથી રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી ખરીદી શરૂ કરશે, જે 90 દિવસ સુધી ચાલશે. ખેડૂતોએ નાફેડના ઇ સમૃધ્ધિ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. 150થી વધુ કેન્દ્રો પર નાફેડના માધ્યમથી ખરીદી કરવામાં આવશે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------

## દેવમણી સર – નિવૃત્તિ - વિદાયમાન

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયની ભારતીય માહિતી સેવાની વર્ષ 1997ની બેચના વરિષ્ઠ અધિકારી અને આકાશવાણી, અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગના વડા તેમજ નાયબ નિયામક ભરત દેવમણિ સેવા નિવૃત્ત થઈ રહ્યા છે. શ્રી દેવમણિએ ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના વિવિધ વિભાગો જેવા કે, પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો-PIB, DAVP, DFP, યોજના,

CBC, દૂરદર્શન વગેરેમાં વિવિધ હોદ્દાઓ પર ફરજ બજાવી હતી. આકાશવાણી સમાચાર વિભાગ તેમને સ્વસ્થ નિવૃત્ત જીવનની શુભકામના પાઠવે છે.

RNU અમદાવાદ

--------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં ફરી ગરમીનો ઉંચકાયો છે સોમવારે રાજ્યભરમાં ગરમ રહેલાં ભુજમાં અધિકત્તમ તાપમાન 36.6 ડિગ્રીએ પહોંચ્યું હતું. જિલ્લા મથકે સવારે વાદળછાયા વાતાવરણ બાદ તાપ અનુભવાયો હતો. ભેજનું પ્રમાણ સવારે 78 અને સાંજે 51 ટકા જેટલું રહેતાં શહેરીજનો પરસેવે રેબઝેબ થયા હતા. રાજ્યમાં બીજા ક્રમના ઉષ્ણ કંડલા એરપોર્ટ મથકે ઉંચું ઉષ્ણતામાન 36.4 ડિગ્રી રહેવાની સાથે ગાંધીધામ અને અંજારમાં ગરમી જારી રહી હતી. નલિયા ખાતે 32.5 અને કંડલા બંદરે 34.4 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જિલ્લામાં લઘુતમ ઉષ્ણતામાન 25.6થી 27 ડિગ્રી વચ્ચે રહ્યું હતું.

N.P. / વિરલ રાણા

--------------------------------------------------------------------

## ક્રિકેટ

કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી બીજી ટેસ્ટનાં ચોથા દિવસે બાંગલાદેશે ભારત સામે તેની બીજી ઇનિંગમાં રમતના

અંતે બે વિકેટે 26 રન બનાવ્યા હતા. બંને વિકેટો અશ્વિને લીધી હતી. ભારતે 52 રનની લીડ લઈને 9 વિકેટે 285 રને પ્રથમ દાવ ડિકલેર કરીને 52 રનની સરસાઇ મેળવી હતી. ટેસ્ટ ઇતિહાસમાં સૌથી ઝડપી 50 રન અને સૌથી ઝડપી 100 રનનો ભારતે વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------

## □ વન ઊર્જા

દેશદેવી મા આશાપુરા માતાજીના માતાનામઢમાં આવતીકાલે બુધવારે મોડી સાંજે ઘટસ્થાપનની ધાર્મિક વિધી સાથે અશ્વિન નવરાત્રિ પર્વનો આરંભ થશે. તો બીજી તરફ આ નવરાત્રી પર્વને લઈને છેલ્લા ચારેક દિવસથી અહીં આવતા યાત્રિકો, પદયાત્રીકોનો પ્રવાહ શરૂ થઈ ગયો છે. જેને લઈને નવરાત્રિ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સોમવારથી પોલીસ દ્વારા બંદોબસ્ત પણ શરૂ કરવામાં આવ્યો છે. તે સાથે એસ. ટી. તંત્ર દ્વારા અહીં કંટ્રોલરૂમ શરૂ કરવાની સાથે વધારાની એસટી બસો મૂકવામાં પણ આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા ક્લોરીન ટેબલેટ વિતરણની કામગીરી સાથે બજારમાં દવાનો છંટકાવ પણ કરવામાં આવ્યો હતો. સોમવારે અહીં સવારથી બપોર સુધી યાત્રીકોની સંખ્યા વધુ જોવા મળી હતી.

N.P. / વિરલ રાણા

---------------------------------------------------------------------------